જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૪/૨૦૧૬ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૬૮૮/૧૬**

**ખોટા નામે વેપારીઓ પાસેથી માલ મેળવી લઈ છેતરપીંડી કરતી ટોળકીના બે સભ્યોને તેલના ડબ્બાઓ તથા ટ્રકના ટાયરો સાથે પકડી લઈ અનેક ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં બની રહેલ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને શ્રી જે.કે. ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ, નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી, કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના અને માર્ગ દર્શન અધારે પો. ઈન્સ. શ્રી આર.આર.સરવૈયા તથા પોસઈશ્રી સી.બી.ચૌધરી નાઓ તેઓની ટીમના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા,દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે નાગરવેલ હનુમાન ચાર રસ્તા અમરાઈવાડી ખાતેથી આરોપીઓ (૧) કનુભાઈ કાશીરામ પટેલ ઉ.વ. ૪૮ રહે. ૮૦, ભુવનેશ્વરી સોસાયટી ડભોલી ગામ સુરત તથા (૨) સંદિપ ઉર્ફે રાજુ જયેન્દ્રભાઈ પાઠક ઉ.વ ૩૯ રહે. બી/૨૦૨ કાવ્યા રેસીડેન્સી ઠક્કરનગર અમદાવાદ શહેર નાઓને તેઓના કબ્જાની આયશર ટ્રક માં તિરુપતિ કપાસીયા તેલના ભરેલ શીલબંધ ડબ્બા નંગ-૭૦ કિ.રૂ. ૧૦૧૫૦૦/-ના તથા ટ્રકના ટાયરો નંગ-૧૬ કી. રૂ. ૨,૦૦,૦૦૦/- ના જે આઈશર ટ્રક સહીત કુલ્લે રૂ.૬,૫૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીઓ મળી આવતા જેઓને તા.૧૨/૪/૧૬ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. જે અંગે આરોપીની આગળની વધુ પુછપરછ તથા તપાસ પો.ઈન્સ.શ્રી આર.આર.સરવૈયા તથા પોસઈશ્રી સી.બી.ચૌધરી નાઓ ચલાવી રહેલ છે.

જે બંન્ને આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે તેઓની પુછપરછ કરતા તેઓનો રમેશ પટેલ નામનો એક સાગરીત કે જે અલગ અલગ વેપારીઓને ખોટા નામથી ફોન કરી, પોતાની વેપારી તરીકેની ઓળખ આપી માલ ખરીદવાની વાત કરતો અને આવા વેપારી માલ આપવા તૈયાર થઈ જાય તો, કોઈ પણ જગ્યાએ માલ મંગાવી લઈ રોડ ઉપર જ માલની ડીલીવરી લઈ વેપારીને પૈસા ચુકવી આપવાનો વાયદો કરી તેમજ પકડાયેલ આરોપી **કનુભાઈ કાશીરામ પટેલ ના** ગણેશ ટ્રેડીંગના ના નામે આવેલ ઓઢવ એકસીસ બેંક ના એકાઉન્ટના ચેકો **આવા વેપારીને** સીક્યુરીટી પેટે આપી વેપારીનો ભરોસો મેળવતા હતા અને આ રીતે આવો માલ મેળવી લેતા હતા અને વેપારી ફોન કરી પૈસા ની માંગણી કરે તો અલગ અલગ જગ્યાએ તેઓને બોલાવી નાણા લઈ જવા જણાવી ભરોસામાં રાખતા હતા પરંતુ આરોપીઓ કોઈ જગ્યાએ વેપારીઓને પૈસા આપવા જતા નહી અને આરોપીઓ ગણેશ ટ્રેડીંગના એકાઉન્ટમાં કોઈ બેલેન્સ રાખતા નહી. અને આવો માલ મેળવી લીધા બાદ ફોન પણ બંધ કરી દેતા હતાં. અને રીતે મેળવેલ માલ તેઓ પકડાયેલ આરોપી સંદિપ ઉર્ફે રાજુ જયેન્દ્રભાઈ પાઠક ને હવાલે કરતા હતા જે માલ તે અલગ અલગ જગ્યાએ ગ્રાહકો શોધી વેચી નાખતો હતો. અને આ રીતે મેળવેલ માલ રાખવા માટે આરોપીઓએ કઠવાડા જી.આઈ.ડી.સી. ઝવેરી એસ્ટેટ ખાતે એક દુકાન પણ ભાડેથી રાખેલ હતી. જે હાલમાં દુકાન માલીકે ખાલી કરાવી દીધેલ છે.

આ પ્રકારની એમ.ઓ વડે આરોપીઓએ ગઈ તા. ૨/૪/૨૦૧૬ ના રોજ વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે આવેલ ખોડલ ધામ કોમ્પલેક્ષની એક દુકાનદાર પાસેથી તેલના ડબ્બા- નંગ-૭૦ મેળવી છેતરપીંડી કરેલ હતી. **જે અગં રામોલ પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુર.નં. ૪૭/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવેલ છે.

તેમજ આરોપીઓએ આ પ્રકારની એમ.ઓ વડે ગઈ તા.૧૯/૧/૨૦૧૬ ના રોજ સાણંદ ચોકડી સરખેજ- ગાંધીનગર હાઈવે ખાતે આવેલ સનરાઈઝ ટાયર એજન્સી નામની દુકાનમાંથી ટ્રકના ટાયર નંગ-૮ તથા સ્વીફ્ટ ગાડીના ટાયર નંગ-૪ ખરીદી કરવાના બહાને તે દુકાનદાર પાસેથી મેળવી છેતરપીંડી કરેલ હતી. જે અંગે <u>**સાણંદ પો.સ્ટે.ખાતે ફર્સ્ટ ગુર.નં. ૬/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૨૦બી**</u> મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવેલ છે.જે બંન્ને ગુન્હાનો મુદ્દામાલ તથા પકડાયેલ બંન્ને આરોપીઓ ને જે તે પો.સ્ટે તરફ મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**આરોપીઓની વધુ પુછપરછ દરમ્યાન તેઓએ આ પ્રકારની એમ.ઓ વડે બિજા અનેક ગુન્હાઓ આચરી આ રીતે લાખો રુપીયાની છેતરપીંડીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે. જેમાં**

(૧) આરોપીઓએ ત્રણેક મહીના પહેલા આઠેક જેટલા ટ્રકના ટાયરો નારોલ ચોકડી ઉપર આવેલ મિત્તલ ટાયર ના દુકાનદાર પાસેથી છેતેરપીંડી કરી મેળવેલ છે.

(૨) આ સિવાય આઠેક મહિના પહેલા આરોપીઓએ ઓઢવ ખાતે એક શર્મા ટાયર નામની દુકાનદાર પાસેથી ટ્રકના બે જોટા ટાયર મંગાવી ટાયર ના દુકાનદાર સાથે છેતેરપીંડી કરેલ છે. તેમજ

(૩) આ સિવાય આશરે ચારેક મહિના પહેલા ધાબુ તોડવા માટેના બ્રેકર મશીન સપ્લાય કરતાં એક વેપારીને આરોપીઓએ ફ્રોન કરી પોતે બીલ્ડર હોવાનુ જણાવી આવા ધાબુ તોડવા માટેના બ્રેકર મશીન નંગ-૨ ફ્રોન ઉપર દાસ્તાન સર્કલ બાજુ બોલાવી ડીલીવરી મેળવી લઈ વેપારી સાથે છેતેરપીંડી કરેલ છે. તેમજ

(૪) આ સિવાય આશરે બે એક મહિના પહેલા ચિલોડા બાજુ કરીયાણાના એક મોટા વેપારી ને ફ્રોન કરી આરોપીઓએ કેટલોક કરીયાણાનો મોટૉ જથ્થો મંગાવી લઈ વેપારી સાથે છેતેરપીંડી કરેલ છે. અને તે માલ અમરેલી બાજુના કોઈ વેપારીને વેચી દીધેલ.તેમજ

(૫) આ સિવાય આરોપીઓએ અમદાવાદના કોઈ વેપારીને ફ્રોન કરી તેની પાસેથી લોકલ બનાવટની ૨૨ જેટલી ઘરઘંટીઓ વેપારી તરીકે ઓળખ આપી મેળવી લઈ છેતરપીંડી કરેલ છે.તેમજ

(૬) તેમજ આ સિવાય આરોપીઓએ પોતાની વેપારી તરીકે ઓળખ આપી, કોઈ વેપારીને ફ્રોન કરી તેની પાસેથી ૧૨ જેટલા આર.ઓ. મશીન મંગાવી મેળવી લઈ છેતરપીંડી કરેલ છે.

આરોપીઓ પાસેથી કબજે કરેલ આયશર ટ્રક તેઓ આ રીતે મેળવેલ માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે ઉપયોગમાં લેતા હતા.

<u>આરોપીઓનો ગુન્હાહીત ઈતીહાસ</u>

આરોપી <u>કનુભાઈ કાશીરામ પટેલ</u> નાનો આ પ્રકારના ગુન્હાઓ કરવાની ખાસ એમ.ઓ ધરાવે છે.જે આરોપી આ પ્રકારના ગુન્હાઓમાં અગાઉ ત્રણેક વર્ષ પહેલા ભાવનગર ખાતે 'એ' ડીવીઝન પો.સ્ટે.ના એક ગુનામાં તથા ભાવનગર ના 'સી' ડીવીઝન પો.સ્ટે.ના એક ગુનામાં તેમજ ઘોઘા પો.સ્ટે.ના એક ગુનામાં તેમજ મહુવા પો.સ્ટે.ના એક ગુનામાં તેમજ વડોદરા ના માંજલપુર પો.સ્ટે.ના એક ગુનામાં તથા વડોદરા ના કારંજ પો.સ્ટે.ના એક ગુનામાં તેમજ અમરેલી સીટી પો.સ્ટે.ના બે ગુનામાં તેમજ બોરસદ પો.સ્ટે.ના એક ગુનામાં એ રીતે કુલ્લે ૯ જેટલા છેતરપીંડી/ચીટીંગના ગુનાઓમાં અગાઉ પકડાઈ ચુકેલ છે જે ગુન્હાઓમાં આરોપી ભાવનગર જેલમાં સાતેક મહિના જેટલો સમય રહેલ છે અને આ તમામ ગુનાઓમાં આરોપી હાલ જામીન મુકત થયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)